અપીલ અરજી નં.૩૦૫ તા.૨૭–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.બી. પટેલ
સામાવાળાઃ– ઈ.ચા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.બી. પટેલની તા.૨૦–૯–૧૦ ની અરજીથી સર્વે નં.૧૨૫ , સારંગનગર સોસા.ના ખાડાવાળી જમીનમાં પાણી ભરાવાથી જમીન પુરાવી સમથળ કરી જાહેર જનતાના આરોગ્યના કાયમી નિવારણ બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૭–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૫/૨૦૧૦–૧૧

શ્રી કે.બી. પટેલની તા.૨૦–૯–૧૦ ની અરજીથી સર્વે નં.૧૨૫ સારંગનગર સોસા.ના ખાડાવાળી જમીનમાં પાણી ભરાવાથી જમીન પુરાવી સમથળ કરી જાહેર જનતાના આરોગ્યના કાયમી નિવારણ બાબતે પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ / ૪૪૬ તા.૨૧–૧૦–૧૦ ના જવાબથી નારાજ થઈ દિન–૩૮ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવી વધુમાં અપીલ અરજીનું વિષય વસ્તુ જોતાં પ્રથમદર્શી રીતે તકરાર નિવારણની બાબત જણાતી હોઈ તે અંગે આગળની ઘટિત કાર્યવાહી અર્થે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૦ તા.૪–૧–૧૧ ના રોજ ઈ.ચા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને તથા અરજદારને તેમની અરજી પ્રથમદર્શીય તકરાર નિવારણને લગતી જણાય છે. તેમ છતાં તેમની મુળ અરજીથી માંગેલ માહિતી અંગે શી વિગતે નારાજગી છે ? કઈ માહિતી મળી નથી ? તે સ્પષ્ટ કરવા જણાવી જો તકરાર નિવારણની બાબત હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અંગે પણ સૂચિત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૬૫ તા.૧૫–૧–૧૧ થી પૂરક વિગતોમાં (૧) આરોગ્ય રક્ષણ સબંધી નોટીસ તા.૧૪–૯–૧૦ (૨) આરોગ્ય રક્ષણ સબંધી નોટીસ તા.૨૭–૭–૦૫ (૩) તા.૧૫–૭–૯૭, આ.નં.૪૧૨ નો પત્ર (૪) કોર્ટ ફરીયાદ નં.૨૧૭૪/૧૦ નો પત્ર તા.૧૫–૧૧–૧૦ (૫) તા.૮–૧૦–૧૦ આ.નં.૨૭૮ નો કોર્ટમાં ફરીયાદ કરવા અંગેનો પત્ર.(૬) તા.૧૪–૯–૧૦ ની નોટીસનો અનાદર કરવા ફરીયાદ કરવા મંજુરીનો પત્ર અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૧–૧૦ ના રોજ પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૦–૯–૧૦ ની અરજીથી સર્વે નં.૧૨૫ સારંગનગર સોસા.ના ખાડાવાળી જમીનમાં પાણી ભરાવાથી જમીન પુરાવી સમથળ કરી જાહેર જનતાના આરોગ્યના કાયમી નિવારણ બાબતે આ.નં.૪૧૨ તા.૧૫–૭–૯૭ અને આર.ઓ.પી /૪૨ તા.૨૭–૭–૦૫ થી જમીન માલિક/ પ્રમુખશ્રીને લેખિતમાં આપેલી નોટીસથી બીપીએમસી એકટ–૧૯૪૯ ની જોગવાઈ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવા બાબત સદર વિષયનું લેખિતમાં કારણ જણાવવા આરટીઆઈ હેઠળ જાહેર માહિતી અધિકાર રાંદેરઝોનને અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૪૬ તા.૨૧–૧૦–૧૦ થી " સારંગ સોસા.ના પ્લોટ ઉપર વરસાદી પાણીનો ભરાવો થતો હોવાથી ઝોન ઓફિસ તરફથી તા.૧૪–૯–૧૦ ના રોજ સોસા.ના પ્રમુખશ્રીને નોટીસ આપવામાં આવેલ. ત્યાર બાદ પ્રમુખશ્રી તરફથી કોઈ પણ પગલા ન લેતાં ઝોન કચેરીએથી બીપીએમસી એકટની જોગવાઈ મુજબ મ્યુ. કોર્ટમાં પ્રમુખશ્રીની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે." તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદાર ન્યુ સૌરભ સોસા.ના સભ્ય કે.બી. પટેલ અપીલમાં ૧૩ વર્ષ સુધી અરજી કરી અધિકારીશ્રીને ઉપરના વિષયમાં જણાવેલ છતાં કાયમી નિવારણ આજ પર્યન્ત મળ્યું નથી તેથી મે જાહેર માહિતી અધિકારીને અરજી કરેલી જેના જવાબમાં જણાવેલ કે મ્યુ. કોર્ટમાં પ્રમુખશ્રી વિરુધ્ધ કેસ દાખલ કરેલ છે જેનો જવાબ સારંગ સોસા.ના પ્રમુખશ્રીને મ્યુ. કોર્ટમાં સાંભળ્યા વગર દંડ કરેલ છે એવું જણાવેલ છે. વધુમાં જાહેર જનતાના આરોગ્યને મચ્છરજન્ય રોગોથી થતી શારીરિક નુકશાન અને તેના થકી પૈસે ટકે પણ નુકશાન થાય છે અને હોસ્પિટલમાં સારવાર કરાવવી પડે છે. કાયમી નિવારણ કરવા લાગતા વળગતા અધિકારીએ અલ્પજીવી પ્રશ્નનું કોઈ ઈસ્યુ ન બનાવી જેમ બને તેમ જલ્દી ઉકેલ લાવવા રજૂઆત કરી દિન–૩૮ ના વિલંબથી તા.૨૭–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ અરજદારની અપીલ અરજી વિલંબથી જોતાં કલમ–૧૯(૧) થી ઠરાવેલ સમય અવધિ ધ્યાને લેતાં પ્રથમદર્શીય રીતે અપીલ ગ્રાહય રાખવા પાત્ર થાય નહીં તેમ છતાં કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ હેતુઓ સાથે કાયદાની કલમ–૨૫ અન્વયે કાયદાની ભાવના અને હાર્દ ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૦ તા.૪–૧–૧૧ થી અરજદારે પાઠવેલ પત્રમાં અરજદારે નોટીસ આ.નં.૪૧૨ તા.૧૫–૭–૯૭ લગભગ ૧૩ વર્ષ પહેલા ઉપરના વિષયમાં સારંગનગર સોસા. ના પ્રમુખશ્રીને આપેલી જેની આજ પર્યન્ત કાયમી નિકાલ થયેલ નથી તો આ પ્રશ્ને સુરત મહાનગરપાલિકાના

અધિકારીએ કયા કયા પગલા લીધા અને આ અલ્પ જીવી પ્રશ્નનો આટલા વર્ષ પર્યન્ત કાયમી ઉકેલ કેમ નથી લાવી શકયા તે લેખિતમાં જણાવવામાં રજૂઆત કરેલ છે. આમ અરજદારનો પ્રશ્ન તકરાર નિવારણ બાબતનો જણાય છે. જે બાબતે અપીલ તબકકે સરખા નંબરવાળા પત્રથી જાહેર માહિતી અધિકારીને અપીલ અરજીનું વિષય વસ્તુ જોતાં પ્રથમદર્શીય રીતે તકરાર નિવારણ બાબત જણાય છે. તેવો પત્ર પાઠવવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારે જણાવેલ પત્ર આ.નં.૪૧૨ તા.૧૫–૭–૦૭ ના પત્રની નકલ રજૂ કરેલ છે જેમાં રમણભાઈ છોટુલાલ પટેલ વિગેરે માલિકોને નોટીસ પાઠવેલ જણાય છે તથા આર.ઓ.પી./૪૨ તા.૨૭–૫–૦૫ થી રમણભાઈ છોટુભાઈને આસી. જંતુનાશક અધિકારી તરફથી આરોગ્ય રક્ષણ સબંધી નોટીસ પાઠવવામાં આવેલ છે. તેની નકલો અત્રે પૂરી પાડેલ છે ત્યાર બાદ અરજદારને આરોગ્ય રક્ષણ સબંધિત નોટીસ તા.૧૪–૯–૧૦ ના રોજ પુનઃ પાઠવવામાં આવેલ છે. જે નોટીસના અનાદર બદલ ફરીયાદ કરવા મંજુરી પત્રનું ફોર્મ તા.૪–૧૧–૧૦ ની નકલ રજૂ કરેલ છે. તથા આ.નં.૨૭૮ તા.૮–૧૦–૧૦ થી કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા અંગેનો પત્ર પાઠવવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૧૫–૧૧–૧૦ ના રોજ કોર્ટ ફરીયાદ નં.૨૧૭૪/૧૦ થી કરેલ કોર્ટ ફરીયાદની નકલ રજૂ કરેલ છે. આમ અરજદારની અરજી બાબતે કાર્યવાહી કરેલ છે. અરજદારનો જમીન સમથળ બાબતેનો પ્રશ્ન તકરાર નિવારણે લગતો હોઈ જે બાબતે અરજદારે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પુરી પાડેલ છે.આમ માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર તકરાર નિવારણ બાબત હેઠળના પ્રશ્ન બાબતે લાગત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કે.બી. પટેલ